# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

## આકાશવાણી અમદાવાદ- વડોદરા

## પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

*************************************************

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SHALA PRAVESHOTSAV-2ND DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે છોટાઉદેપુર ખાતે પી. એમ. શ્રી તાલુકા શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થઈ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીના હસ્તે આંગણવાડી, બાલવાટિકા, ધોરણ એક, ધોરણ નવ અને ધોરણ 11ના પાંચ–પાંચ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. અહીંની શિક્ષણ કચેરી દ્વારા ધોરણ 2થી 8ના વિદ્યાર્થીઓએ શિક્ષણ સાહિત્યનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ સંબોધનમાં કહ્યું, આપણે સૌ સાથે મળી ગુજરાતને વિક્સાવવા સૌથી વધુ ભાર શિક્ષણ પર આપીશું તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતનાં સંકલ્પને પૂર્ણ કરવામાં સૌથી મોખરે ગુજરાત રહેશે.

માણસાના આજોલ ખાતે મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વર્ષ ૨૦૪૭ સુધીમાં ‘વિકસિત ભારત’ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાતમાં ૧૦૦ ટકા શિક્ષણ જરૂરી છે. ‘વિકસિત ગુજરાત’ થકી જ વિકસિત ભારતનું લક્ષ્ય સિદ્ધ થશે.

શ્રી રાજકુમારે સંસ્કાર તીર્થ કેળવણી મંડળ સંચાલિત આંગણવાડી, બાલવાટિકા અને પ્રાથમિક શાળામાં પ્રથમવાર દીકરા-દીકરીઓ ઉપરાંત માધ્યમિક શાળામાં ધોરણ-૯માં વિદ્યાર્થીનીઓને પ્રવેશ અપાવીને શૈક્ષણિક કારકિર્દીનો પ્રારંભ કરાવ્યો હતો. બહુચરાજીના

ધારાસભ્ય ડો.સુખાજી ઠાકોરે રૂપપુરા અને રાતેજ પ્રાથમિક શાળામાં બાળકોને પ્રવેશ કરાવ્યો.

દરમિયાન, નર્મદા અને નવસારી શાળામાં ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થયો છે. નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નિશાંત દવેએ જણાવ્યું કે, જિલ્લામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માઇનસ 0.03 ટકા થયો છે. જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રાથમિક શાળાનો ડ્રોપ આઉટ રેશિયો ઉત્તરોઉત્તર ઘટી રહ્યો છે.

નવસારી જિલ્લામાં પણ પ્રાથમિક શિક્ષણનો ડ્રોપ આઉટ રેશિયો ૩.૧૪ ટકાથી ઘટીને ૧.૨૩ ટકા થયો છે. વર્ષ ૨૦૦૨-૦૩ દરમિયાન જિલ્લામાં વિદ્યાર્થીનીઓનો ડ્રોપ-આઉટ રેશિયો ૩.૧૦ ટકા હતો, જે ૨૦૨૨-૨૩ સુધીમાં ઘટીને ૧.૫૨ ટકા થયો છે.

# GUJ. RAIN

સમગ્ર રાજ્યમાં વરસાદની સ્થિતિ યથાવત છે. બોટાદ, દીવ અને પાટણ સહિત અનેક જિલ્લાઓમાં વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, ગત 24 કલાકમાં મોરબીના ટંકારામાં સૌથી વધુ 4 ઈંચથી પણ વધારે તથા ગીર સોમનાથ, રજકોટ અને જુનાગઢમાં 3 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાના દાંતા તાલુકામાં 2 ઇંચ જ્યારે સાબરકાંઠાના ઇડર ખાતે સવા એક ઇંચ વરસાદ તો રાજ્યના અન્ય જિલ્લાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

છેલ્લા 2 કલાકમાં રાજકોટના જેતપુર ખાતે સૌથી વધુ સવા એક ઇંચ અને બોટાદના ગઢડા તથા જુનાગઢના વિસાવદરમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે દીવ, અરવલ્લી, સુરત, પાટણ, અમરેલી, ભાવનગર, વલસાડ અને તાપીમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

ભાવનગરમાં એનડીઆરએફની ટુકડી આવી પહોંચી છે. અને કટોકટીની સ્થિતિને પહોંચી વળવા સજ્જ બની છે. આ ટીમને ભાવનગરની માજીરાજ ગેસ્ટ હાઉસ ખાતે ઉતારો આપવામાં આવ્યો છે.

# SOMNATH- LIGHT & SOUND SHOW

વરસાદનો પ્રારંભ થતાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સોમનાથ મંદિરનો 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો ચોમાસા દરમિયાન બંધ રહેશે.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા આજથી મંદિરના પરિસરમાં યોજાતો "3D લાઈટ એન્ડ સાઉન્ડ શો" ચોમાસા દરમ્યાન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સોમનાથ મંદિરના ભવ્ય ઇતિહાસને ઉજાગર કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો ભક્તોમાં ખૂબ જ લોકપ્રિય છે.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે.

એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# RAILWAY FACILITES

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળે મુસાફરો માટેની સુવિધાઓમાં વધારો કર્યો છે. વિકલાંગ વ્યક્તિઓ માટેની સુવિધાઓનું પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

એક યાદીમાં જણાવ્યા પ્રમાણે, અમદાવાદ મંડળનું લક્ષ્ય દિવ્યાંગજનોને અનુકૂળ પાયાગત માળખું તૈયાર કરવાનું છે, જેમાં મુખ્ય સ્ટેશનો પર રેમ્પ અને રેલિંગ લગાવવાનો સમાવેશ થાય છે. અંધજન યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ સ્ટેશન પર બ્રેઈલ સંકેતોની જોગવાઈ કરવામાં આવી છે. 25 સ્ટેશનો પર ઓટોમેટિક તથા 69 સ્ટેશનો પર મેન્યુઅલ યાત્રી ઉદઘોષણા સિસ્ટમ લગાવવામાં આવી છે, સ્ટેશનો પર ગ્લો સાઈન પેસેન્જર ગાઈડન્સ બોર્ડ, એલઈડી સ્ટેશન નામ બોર્ડ વગેરે પણ લગાવવામાં આવ્યા છે.

અમદાવાદ મંડળ હેઠળ આવતા અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને ન્યુ ભુજ સ્ટેશનોનું મુખ્ય અપગ્રેડેશન કરવામાં આવી રહ્યું છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ લગભગ 515 કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ મંડળના 16 સ્ટેશનો પર પુનઃવિકાસ કામ કરવામાં આવી રહ્યું છે.